તાત્કાલીક

ક્રમાંકઃમાવિ.૨/એ.જી.રાજકોટ ની માહીતી/૨૦૨૦/ 10697-917

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જિલ્લો,પાલનપુર
તારીખઃ– 15/6/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,(તમામ)
ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા.

**વિષય :– ફરજ મોકૂફી અથવા નિર્દોષ છુટવાના કેસમાં સમયગાળો વિનિયમિત કરવા ની માહિતી મોકલી આપવા બાબત.**

**સંદર્ભઃ–** (૧)કમિશનરશ્રી શાળાઓની કચેરી ગાંધીનગર ના પત્ર ક્રમાંક ઘ/માધ્ય/ વ–૨ /૨૯૮૪–૩૪૯ તારીખ ૭/૨/૨૦૨૦ અન્વયે.

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, અત્રેના જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની માહિતી હોય તો વિગતો પુરતી ચકાસણી કરી આ સાથે સામેલ સંદર્ભ દર્શિત પત્રના ક્રમ નંબર–૧,૨ અને ૩ માહિતી ની પુરતી કાળજી રાખી સોફટ અને હાર્ડ કોપીમાં mavi2bnsdeo@gmail.com ઈ–મેઈલ પર દિન–૨ માં મોકલી આપવાનું રાખશો. જો તમારી શાળામાં સંદર્ભ દર્શિત પત્ર થી માંગેલ ક્રમ ૧ થી ૩ મુજબ ની માહિતી ન હોય તો નીલ કરીને પણ મોકલવાનું રાખશો. આચાર્યશ્રીઓએ આ બાબતે ગંભીરતા લઈ ને માહિતી તાત્કાલીક મોકલી આપવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર.

બિડાણ :– સંદર્ભ દર્શિત પત્ર ની નકલ

**નકલ રવાના જાણ તેમજ અમલ વારી સારૂઃ–**

– પ્રતિ,શિ.નિ.શ્રીઓ તરફ સદર કચેરી,

–પ્રતિ, મ.શિ.નિ.(તમામ)સદર કચેરી, તમારા કાર્યક્ષેત્ર માં આવતી ઉકત માહિતી શાળાની મેળવી ને અત્રેની કચેરીના માવિ.૨ શાખા ના મેઈલ પર આવે તેવી તાત્કાલીક સુચના આપવાનું રાખશો.

Scanned with CamScanner

ક્રમાંક: ઘ/માધ્ય//વ-૨/૨૯૫૪-૭૬ ૯-૩૫૧
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક-૯/૧ ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર.
તા. ૭/૦૨/૨૦૨૦

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય: ફરજ મોકૂફી અથવા નિર્દોષ છુટવાના કેસમાં સમયગાળો વિનિયમિત કરવા બાબત.
સંદર્ભ: શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંક: બમશ/૧૩૧૭/૪૧૧/ગ, તા. ૨૨/૧/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનુ કે બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓના કર્મચારીઓને ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ લાગુ પડે છે. આ નિયમોમાં ફરજ મોકૂફી અથવા નિર્દોષ છુટવાના કેસમાં ગેરહાજરીનો સમયગાળો કયા પ્રકારે વિનિયમિત કરવો તે બાબતે કોઇ જોગવાઇ કરવામાં આવેલ નથી. જે અન્વયે,

(૧) રાજ્યની બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓના કિસ્સાઓમાં નામ. કોર્ટના હુકમ અન્વયે નિર્દોષ સાબિત થઇને પુનઃ સ્થાપિત થયેલ કર્મચારીની ફરજ મોકૂફીના સમયગાળાને વિનિયમિત કરવા બાબતે પૂર્વ દ્રષ્ટાંત હોય તો તેની વિગત.

(૨) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ માં જે બાબતો અંગે કોઇ જોગવાઇ થયેલ નથી. તેવી બાબતો કે જેવી કે કર્મચારીની લાંબા સમયની અનધિકૃત ગેરહાજરી/રજા, સ્વૈચ્છિક નિવૃત્તિ અંગે ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨નો આધાર લઇને નિર્ણય કરવામાં આવેલ છે કે કેમ? આ બાબતે કોઇ ઠરાવ/પરિપત્ર/જાહેરનામા દ્વારા જોગવાઇ કરવામાં આવેલ હોય તો તેની વિગતો.

(૩) બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓના કિસ્સામાં ઉપર ઉલ્લેખિત રજા/સ્વૈચ્છિક નિવૃત્તિ જેવા કેસોમાં ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨નો આધાર લઇને નિર્ણય કરવામાં આવેલ હોય તો તેનુ પૂર્વ દ્રષ્ટાંતની વિગતો.

આમ, ઉપર મુજબની માહિતી મોકલી આપવા આજ્ઞાનુંસાર જણાવવામાં આવે છે.

નોંધ પર મળેલ સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (માધ્યમિક) ના આદેશ અન્વયે.

7/2
નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર